**રે.દી.મુ.નં.૭૦/૨૦૧૯**

## :: આંક–૦૫ લગત હુકમ ::

(૧) વાદીએ હાલનો દાવો સને ૨૦૧૯ ની સાલમા દાખલ કરેલ છે. જે દાખલ થતા પ્રતિવાદી ને નોટીસ કરતાં પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફતે તા.૨૬/૧૧/૧૯ ના રોજ હાજર થયેલ છે અને પ્રતિવાદીના વકીલશ્રીનુ વકીલપત્ર આંક–૮ થી રજુ છે.પુરતો સમય આપવા છતા પ્ર તિવાદીએ જવાબ રજુ રાખેલ ન હોય પ્રતિવાદીના જવાબનો હકક બંધ કરવામા આવેલ છે અને ત્યાર બાદ પ્રતિવાદી તરફથી જવાબનો હકક ખોલી આપવામા આંક–૨૪ થી અરજી રજુ રાખતા પ્રતિવાદીને દાવા અરજીની નકલ મળેલ ના હોય જેથી જવાબ રજુ રાખેલ ના હોય તે બાબત ધ્યાને લેતા પ્રતિવાદીનો જવાબનો હકક ખોલી આપી પ્રતિવાદીનો જવાબ આંક–૨૫ થી તા.૨૯/૬/૨૪ ના રોજ રેકર્ડ પર લેવામા આવેલ છે. આમ ત્યારથી દાવાનુ કામ વાદીના રીજોઈન્ડર એફીડેવીટ માટે ચાલતુ આવેલ છે. વાદીને ત્રણ મહીના જેટલો સમય રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરવા માટે આપવા છતા વાદીએ રીજોઈન્ડર એફીડેવીટ રજુ રાખેલ ના હોય વાદીના વકીલશ્રીની મુદત અરજીપ રદ કરી રીજોઈન્ડરનો હકક બંધ કરવામા આવે છે.

(૨) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલનો દાવો પાંચ વર્ષ જુનો હોય તેમા તાકીદની જરુરીયાતથી માંગવામા આવતી વચગાળાના મનાઈ હુકમની દાદની વાદીને તાકીદના ધોરણે જરુર હોય તેવુ જણાય આવતુ ના હોય તેમજ વાદી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વચગાળાનો મનાઈ હુકમની દાદ મેળવવા માટે સક્રિય ના હોય તે બાબતપ ધ્યાને લઈ આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## :: હુકમ ::

વાદીની આંક–૫ ની અરજી કોઈ ગુણદોષની ચર્ચા કર્યા વગર આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૯/૨૦૨૪.
સ્થળ : મહેમદાવાદ

(વિશાલ યોગેશભાઈ ત્રિવેદી)
એડી. સીવીલ જજ, મહેમદાવાદ
(Judge CodeGJ01287)